ફો.કેસ નં. ૬૯૪/૨૩

**:: આંક – ૧ લગત હુકમ ::**

પોલીસે કરેલ આ ચાર્જશીટ ઘણા વર્ષોથી પેન્ડીગ છે અને રેકર્ડની ચકાસણી કરતા આરોપીને સમન્સ / વોરંટની બજવણી માટે પુરતો પ્રયત્ન કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી અને નજીકના ભવિષ્યમાં પ્રોસેસની બજવણી થઈ શકે તેમ જણાતુ નથી. પોલીસ એજન્સી આરોપીને હાજર રાખવામાં નિષ્ફળ નિવડેલ છે. આરોપી સામે હાલની ફરીયાદ પ્રોહીબીશનના ગુન્હાને લગતી ફરીયાદ હોય અને કાયદા મુજબ સમન્સ ટ્રાયલ ઓફેન્સ હોય, ઈન્સાફી કાર્યવાહી વધુ સમય સુધી પેન્ડીગ રાખવાથી કોઈ ફળદાયક પરીણામ નિકળે તેમ નથી. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ગુજરાત રાજય વિ. ઈબ્રહીમ લાધા એ.આઈ.આર ૧૯૭૧ ( ગુજરાત) ૧૪૮ ના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ ન્યાયના વિશાળ હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૮ ધ્યાને લેતા ન્યાયના હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૮ અન્વયે ફરીયાદના કામે આરોપી વિરૂધ્ધ મુકેલ તહોમત અંગેની ઈન્સાફી કાર્યવાહી બંધ રાખી, આરોપીને બીન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહુ હુકમની જાણ સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા. ૧૧ મી જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
મુ. ઈડર

(વિપ્લવ એચ. તૈરૈયા)
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક – ઈડર
જજ કોડ નં. જી.જે.૦૧૬૮૧